# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-03-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Prime Minister Semi Conductor

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, ભારત આગામી સમયમાં સેમિકન્ડક્ટર ઉત્પાદનમાં વૈશ્વિક તાકાત બનવા માટે સજ્જ છે.

ધોલેરામાં દેશના સૌપ્રથમ વ્યાપારી સેમિકન્ડક્ટર ફેબ સહિત દેશમાં  સવા લાખ કરોડના ખર્ચે ત્રણ સ્થળોએ સેમિકન્ડક્ટર એકમોના વર્ચ્યુઅલ માધ્યમથી શિલાન્યાસ કર્યા બાદ તેમણે કહ્યું કે ચૌથી ઔદ્યોગિક ક્રાંતિમાં મહત્વપૂર્ણ આગેવાન રહેશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે કોવીડ મહામારી બાદ જ્યારે વિશ્વ વિશ્વસનીય અને ટકાઉ પુરવઠા સાંકળની શોધમાં છે ત્યારે ભારત ચીપ ઉત્પાદન જેવા ઉભરતા ક્ષેત્રોમાં મજબૂત આગેવાનો લઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ભારતને આત્મનિર્ભરતાથી આધુનિકતા તરફ લઈ જવામાં ચીપ ઉત્પાદન ક્ષેત્ર મહત્વની ભૂમિકા ભજવશે.

(બાઈટ- પીએમ નરેન્દ્ર મોદી)

શ્રી મોદીએ કહ્યું કે ચીપ ઉત્પાદન જેવું ઊભરતું ક્ષેત્ર દેશના યુવાનોને વ્યાપક અવસરો પ્રદાન કરશે. દેશમાં વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા સરકાર વ્યાપક પ્રયાસો કરી હોવાનું જણાવતા શ્રી મોદીએ કહ્યું છેલ્લા વર્ષોમાં સરકાર દેશમાં વેપાર અને કાયદાઓમાં સરળતા લાવી રહી છે.

**આજના કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ ગુજરાતનાં સાણંદમાં અને આસામના મોરીગાવમાં આઉટ સોર્સ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ સુવિધાનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું. ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ દ્વારા 91 હજાર કરોડના ખર્ચે દેશનું પહેલું સેમિકન્ડક્ટર વ્યાપારી ફેબ એકમ સ્થપાશે. તેમાં દર મહિને 50 હજાર ચિપનું ઉત્પાદન કરવામાં આવશે.**

. . . . . . . . . . . . . . . . .

## ASHWINI VAISHNAV

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, સાણંદ ના સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટમાંથી પ્રથમ ચિપનું ઉત્પાદન ડિસેમ્બર 2024 સુધીમાં કરવામાં આવશે.

(બાઇટ- અશ્વિની વૈષ્ણવ)

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ટાટા સન્સના ચેરમેન એન.ચંદ્રશેખરન ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ અને અન્ય યુવાનો પણ જોડાયા હતા.

. . . . . . . . . . . . . . . . .

## GOVERNOR- NATYAGRUH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ માધ્યમથી સમગ્ર દેશમાં "સામાજિક ઉત્થાન તથા રોજગારલક્ષી લોક કલ્યાણ વેબ પોર્ટલનું ઉદ્ઘાટન કરશે. એ અંતર્ગત **રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આજે ભાવનગરમાં** આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. જેમાં પ્રધાનમંત્રી દક્ષ યોજના, પ્રધાનમંત્રી નમસ્તે યોજના તેમજ અન્ય કલ્યાણકારી યોજનાઓનું ઈ-લોન્ચિંગ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ માધ્યમથી પીએમ- સૂરજ પોર્ટલનો પ્રારંભ પણ કરાવશે.

કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આજે દેશ સહિત રાજ્યભરમાં આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં ૫૨૨ જેટલા જિલ્લાઓ વર્ચ્યુઅલ રીતે જોડાશે. જેમાં શ્રમિકો, સફાઈ કર્મચારીઓ અને ટેન્ક ક્લીનર્સને વિવિધ સહાયના લાભ વિતરણ થકી લાભાન્વિત કરવામાં આવશે. તેમજ શ્રમિકોને આયુષ્માન કાર્ડ અને પી.પી.ઈ. કીટ્સનું વિતરણ કરશે.

કાર્યક્રમનો ઉદ્દેશ સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગને મુખ્ય ધારામાં લાવવાનો અને તેમને વિવિધ સરકારી યોજનાઓ થકી લાભાન્વિત કરવાનો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં આ કાર્યક્રમ યોજાશે.

.................

**MAHISAGAR-KUBER DINDOR**

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના બેણદા ખાતે આદિજાતી વિકાસ અને શિક્ષણ મંત્રી ડૉ.કુબેર ડીંડોર દ્વારા રમત સંકુલનું ભૂમિ પૂજન કરાયું હતું.

અંદાજે ૭ કરોડના ખર્ચે નવનિર્માણ થનાર આ રમત સંકુલમાં વહીવટી કચેરી, સ્ટોર રૂમ, લોકર, ઇલેક્ટ્રિકલ રૂમ, ટેબલ ટેનિસ હોલ, પ્રેકિટસ મેદાન, વોલીબોલ કોર્ટ, ખો-ખો કોર્ટ, કબડ્ડી કોર્ટ સહિત સમાવેશ થાય છે. આ પ્રસંગે દાહોદના સાંસદ જસવંત સિંહ ભાભોર પણ ઉપસ્થિત રહ્યા હતા.

....................................

## Bharat Vikas Diary- Episode - 23

પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે આઠ વાગે પ્રસારિત થનાર “ભારત વિકાસ ડાયરી” કાર્યક્રમના ત્રેવીસમા અંકમાં ગાંધીનગર લોકસભા વિસ્તારના વિકાસની ગાથા રજુ કરવામાં આવશે.

. . . . . . . . . . . .

## GOVERNOR- ARTICAL 370 FILM

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તેમના ધર્મપત્ની લેડી ગર્વનર દર્શના દેવી  સાથે આજે ગાંધીનગરની મલ્ટીપ્લેક્સ થિએટરમાં આર્ટીકલ 370 ફિલ્મ  નિહાળી હતી.

આ ફિલ્મમાં જમ્મુ અને કાશ્મીરમાં જે ઘટનાઓ બનતી હતી તે વાસ્તવિક રીતે બતાવવામાં આવી છે. આર્ટીકલ 370 ને કારણે અનેક લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ભારત દેશનું જમ્મુ અને કાશ્મીર અભિન્ન અંગ છે. વર્તમાન સરકારે 370 કલમ દૂર કરીને જમ્મુ-કાશ્મીરમાં વંચિત લોકોને તેમના અધિકાર અપાવવા માટેનું કાર્ય કર્યું છે. આ સરકાર દેશમાંથી આંતકવાદને જડમૂળમાંથી દૂર કરવાનું કાર્ય કરી રહી છે. તેમણે આ પ્રસંગે રાજ્યના તમામ નાગરિકોને આ ફિલ્મ જોવા અપીલ કરી હતી.

-----------------------

# Narmada- Gramin Vikas Samelan

નર્મદા ના રાજપીપળા જિલ્લામાં દેડિયાપાડા ખાતે  નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી ભીખુસિંહજી પરમારની ઉપસ્થિતિમાં ગ્રામીણ વિકાસ સંમેલન યોજાયું હતું. અમારા નર્મદા જિલ્લા ના પ્રતિનિધિ જણાવેછે કે આ પ્રસંગે મંત્રી  ભીખુસિંહજી પરમારે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર-રાજ્ય સરકારે નાગરિકોને લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ આપીને જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો

પરિણામલક્ષી પ્રયાસો આદર્યા છે. કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓને નિમણૂક પત્રો તથા વિદ્યાર્થીઓને સાયકલ વિતરણ કરાયું હતું

. . . . . . . . . . . . .

## SNR – ELECTION WORKSHOP

લોકસભાની સામાન્ય ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે.સી.સંપટના અધ્યક્ષસ્થાને ચૂંટણી પ્રક્રિયા સંબધિત એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધી દિનેશ પરમાર જણાવે છે કે, આ કાર્યશાળામાં તમામ મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારોને ચૂંટણીલક્ષી પ્રક્રિયા અંગે માહિતી આપવામાં આવી હતી. તેમજ ચૂંટણી પ્રક્રિયાના વિવિધ વિષયો પર પ્રેઝન્ટેશન વડે તાલીમ આપવામાં આવી હતી.

....................................